ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)
**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૩૦/૦૫/૨૦૧૬

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**
**.............................., ભાવનગર.**

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તખ્તેશ્વર મંદિર ખાતે
## મંગળ ગ્રહને નિહાળવા અને સમજવાનો કાર્યક્રમ.

આ અનંત બ્રહ્માંડમાં દર સેકેન્ડે અનેક ઘટનાઓ ઘટતી જ રહે છે. આવી ઘટનાઓને કારણે બ્રહ્માંડમાં અનેક નાના મોટા બદલાવો આવતા હોય છે. ૨૧મી સદીમા બનતી આવી ખગોળીય ઘટનાઓને માનવી આધુનીક તકનીકો દ્રારા સમજવા સતત પ્રયત્નશીલ રહે છે, છતા પણ આ બ્રહ્માંડના કોયડાઓનો ભાગ્યે જ ઉકેલ મળે છે.

આવીજ એક ઘટના તા. ૩૦ મે, ૨૦૧૬ના રોજ બનવા જઈ રહી છે. મંગળ ગ્રહ જે હાલ સમગ્ર પૃથ્વીવાસીઓ માટે એક ચર્ચાનો વિષય અને આશાનું કેન્દ્ર બની ચુકયો છે. જે આપણી પૃથ્વી પછી સુર્ય માળામાં ચોથુ સ્થાન ધરાવે છે. મંગળ ગ્રહ પૃથ્વીથી ૯૦,૦૦૦ કરોડ કિ.મી. દુર રહેલ છે. પરંતુ મંગળ ગ્રહ પૃથ્વીની જેમ સુર્યની આસપાસ પોતાના નિર્ધારીત પથ પર ભ્રમણ કરે છે. જેને કારણે દર અઢી વર્ષે તે પૃથ્વીની નજીકથી પસાર થાય છે. જયારે મંગળ ગ્રહ પૃથ્વીની નજીક પસાર થાય છે ત્યારે તે પૃથ્વીથી માત્ર ૭,૫૨,૮૦,૦૦૦ કિ.મી. દુર રહે છે. **આ ઘટના દરમ્યાન મંગળ ગ્રહને ટેલિસ્કોપથી નિહાળવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તખ્તેશ્વર મંદિર ખાતે તા. ૩૦ અને ૩૧ મે, ૨૦૧૬ સાંજે ૮:૦૦ કલાક થી ૧૦:૦૦ કલાક દરમ્યાન વ્યવસ્થા કરવામાં આવી છે.**

આ ઉપરાંત શની અને ગુરૂ ગ્રહ તથા વિવિધ રાશીઓને નરી આંખે બતાવવામાં આવશે. સાથે જુન બ્લેક આઉટની ઘટના અને મંગળ મીશન વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવશે. આ ઘટનાને નિહાળવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સંચાલીત ભાવનગર એસ્ટ્રોનોમી કલબ (BAC) ભાવનગરની તમામ ખગોળ પ્રેમી જનતાને આમંત્રણ પાઠવે છે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.